For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વડોદરામાં 'શિવજી કી સવારી'માં ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ તરીકે રહેશે ઉપસ્થિત

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા શહેરમાં ધાર્મિક આસ્થા અને ભક્તિભાવથી ઓતપ્રોત "શિવજી કી સવારી"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગે દેશના ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે.



"શિવજી કી સવારી" દરમ્યાન શહેરમાં ભક્તિમય માહોલ સર્જાશે. ભવ્ય શોભાયાત્રા, ધાર્મિક ઝાંખીઓ અને ભજન-કીર્તન સાથે સમગ્ર વાતાવરણ હર હર મહાદેવના જયઘોષથી ગુંજી ઉઠશે. મોટી સંખ્યામાં ભક્તજનો, સામાજિક આગેવાનો અને શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો ઉપસ્થિત રહે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ગૃહમંત્રીના આગમનને પગલે શહેરમાં વિશેષ સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાની તૈયારીઓ કરવામાં આવી છે. આયોજકો દ્વારા કાર્યક્રમને ભવ્ય અને શિસ્તબદ્ધ બનાવવા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ કાર્યક્રમને લઈને વડોદરાવાસીઓમાં ખાસ ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળી રહ્યો છે.

## શિવજી સવારી કાઉન્ટ ડાઉન : સીપી અને એડિ.સીપીએ સુરસાગરની મુલાકાત કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા શહેરમાંથી આગામી 15 જાન્યુઆરી અને મહા શિવરાત્રીના પવિત્ર દિવસ નિમિત્તે ભારે ધામધૂમ અને ઉલ્લાસ સાથે શિવજી કી સવારીની યાત્રા કાઢવામાં આવવાની છે. જેને લઈને મંગળવારના રોજ પોલીસ કમિશનર દ્વારા પ્રતિબંધિ રુટ અને વૈકલ્પિક વ્યવસ્થા સાથેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતુ અને વિવિધ ખાતાના અધિકારીઓ સાથે બેઠક યોજીને યાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને વિવિધ પાસાઓની સમીક્ષા કરવા સાથે શાંતિપૂર્ણ માહોલમાં યાત્રા સંપન્ન થાય તેના માટે કામ કરવા માટે માર્ગદર્શન પણ પુરુ પાડવામાં આવ્યું હતું.

શિવજી કી સવારને લઈને તંત્ર દ્વારા તમાડાર તૈયારી કરાઇ રહી છે ત્યારે તાજેતરમાં ડીસીપી ઝોન 2 અને 4 દ્વારા શિવજી કી સવારના રૂટ પર ફુટ પેટ્રોલિંગ કરવાની સાથે સાથે રુટની નિરીક્ષણ પણ કર્યું હતું. ત્યારે ફરી પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર તથા એડિશનલ પોલીસ કમિશનર ડો.લીના પાટિલ દ્વારા સુરસાગર તળાવ ખાતેની મુલાકાત લીધી હતા અને ત્યાં ચાલી રહેલી તૈયારીઓ નિરીક્ષણ કર્યું હતું. પોલીસ વિભાગ દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં શિવજી કી સવારી યાત્રા સંપન્ન થાય તેને લઈને કમર કસી રહ્યું છે.

## આજે ઓસમાન મીરની ભજન સંધ્યા

સંસ્કારી નગરી વડોદરામાં મહાશિવરાત્રીના પાવન પર્વની ઉજવણીના ભાગરૂપે આ વર્ષે પણ ભક્તિ અને કલાનો અનોખો સંગમ જોવા મળશે. આગામી રવિવારે પ્રતાપનગર સ્થિત ઋણમુક્તેશ્વર મહાદેવ મંદિરથી પરંપરાગત 'શિવજી કી સવારી' ધામધૂમપૂર્વક નીકળશે, જેની તૈયારીઓ હવે પૂર્ણતાના આરે છે. તા. 12 ફેબ્રુઆરી 2026, ગુરુવારના રોજ રાત્રે 8:00 કલાકે સૂરસાગર સરોવર પાસે આવેલી મ્યુઝિક કોલેજ (ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ) સામે ભવ્ય ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. ખ્યાતનામ કલાકાર ઓસમાન મીર પોતાના કંઠે ભક્તિરસની હેલી રેલાવશે અને શિવભક્તોને મંત્રમુગ્ધ કરશે.

### બીસીએની ચૂંટણી : રોયલ સત્યમેવ જયતે ગ્રુપનો મેનિફેસ્ટો જાહેર

# BCCIમાં 2014 પછી BCAનું વજન નથી : સમરજિતસિંહ ગાયકવાડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીને લઈને ગઠબંધન જૂથ રોયલ સત્યમેવ જયતે ગ્રુપ અને રિવાઈવલ ચૂંટણી જીતવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. દરરોજ મેમ્બર્સ સાથે બેઠકો મળી રહી છે. તેવામાં સતત બીજા દિવસે રોયલ સત્યમેવ જયતે ગ્રુપની બેઠક મળી હતી. જેમાં મેનિફેસ્ટો જાહેર કરવામાં આવ્યો હતો.

ક્રિકેટ જગતમાં વર્ચસ્વની લડાઈ માટે થનારી બીસીએ ની આગામી ચૂંટણીને લઈને કાંટે કી ટક્કર થશે. ત્યારે બુધવારે રોયલ સત્યમેવ જયતે ગ્રુપની સતત બીજા દિવસે મેમ્બર્સ સાથેની બેઠક બોલાવાઈ હતી. જેમાં આ જૂથ જો ચૂંટણી માં વિજય થશે તો કયા પ્રકારના પરિવર્તનને લવાશે, તેનો મેનિફેસ્ટો જાહેર કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં મહારાજા સમરજીતસિંહ ગાયકવાડે જાહેર મંચ પરથી નિવેદન કરતા જણાવ્યું હતું કે, બીસીસીઆઈમાં વર્ષ 2014 પછી બીસીએ નું વજન નથી. જો વજન હોત તો હોદ્દો મળ્યો હોત, વધુમાં તેમણે રિવાઈવલમાં ક્રિકેટર કરતાં વકીલો વધુ છે ચૂંટણી પણ પાંચ મહિનામાં વળી કરવામાં આવી છે ચૂંટણી જોઈતી ન હતી માટે ઢીલે કરતા હતા તેવા ચાબખા પણ તેમણે માર્યા હતા. રોયલ સત્યમેવ જયતે ગ્રુપ દ્વારા જાહેર કરાયેલા મેનિફેસ્ટોમાં ભારતના અન્ય પ્રતિષ્ઠિત ક્લબની જેમ સભ્યો અને તેમના પરિવારો માટે એક નવો મનોરંજન ક્લબ બનાવાશે.




### ઇરાદો મજબૂત છે તો ઇમારતને પણ પહોંચી વળીશું

અમારો ઇરાદો મજબૂત છે તો ઇમારતને પણ પહોંચી વળીશું. અમે એકલા ઇન્ડિવિઝ્યુઅલી માટે મત માંગતા નથી. અમને આખું એડમિનિસ્ટ્રેશન જોઈએ છે. સંપૂર્ણ કબજો જોઈએ છે તો જ અને પરિવર્તન લાવી શકીશું જો અમે બ્રોકન પેનલમાં આવીશું તો ચેન્જ નહીં કરી શકીએ અને એટલા માટે જ હું કહું છું કે મારે મેન ઓફ ધ મેચ નથી થવું મારે મેચ જ જીતવી છે મારે આ ચૂંટણી જીતવી છે અમારી આખી ટીમ માટે જીતવી છે. - ડો.દર્શન બેન્કર

### ઇન્વેસ્ટ કરેલા રૂ.19.86 લાખને ઓનલાઇન વેબસાઇટમાં પ્રોફિટ સાથે 29.21 લાખ બતાવ્યાં

# ફોરેક્સ ટ્રેડિંગના નામે આસિસ્ટન્ટ મેનેજર સાથે 19.86 લાખની ઠગાઈ

**બોગસ** વેબસાઇટમાં પ્રોફિટ બતાવી વિશ્વાસ કેળવ્યો, માત્ર 14 હજાર પરત આપ્યા




(પ્રતિનિધિ) વડોદરા, તા. 11

હાલોલ ખાતે ખાનગી કેમિકલ કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરતા યુવક સાથે ફોરેક્સ ટ્રેડિંગમાં વધુ વળતર મળશે તેવી લાલચ આપી રૂ. 19.86 લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે પીડિતે વડોદરા સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના દિવાળીપુરા રોડ સ્થિત પરીચયપાર્ક સોસાયટીમાં રહેતા કશ્યપભાઈ હર્ષદભાઈ પંચાલે ફરિયાદમાં જણાવ્યું છે કે ગત ઓક્ટોબર મહિનામાં તેમના મોબાઈલ પર એક સોશિયલ મીડિયા આઈડી પરથી મેસેજ આવ્યો હતો. સામેની મહિલાએ પોતાનું નામ રચના સુબ્રમનિયમ જણાવ્યું હતું અને અગાઉ કંપનીમાં મુલાકાત દરમિયાન ઓળખાણ હોવાનું કહી વિશ્વાસ કેળવ્યો હતો.

ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી વાત કરી તેણે એક લિંક મોકલી હતી, જેમાં બોગસ વેબસાઈટ પર ડમી એકાઉન્ટ ખોલાવી પીડિત પાસેથી ફોટાવાળી આઈડી પ્રુફ, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ વિગતો મેળવી લેવામાં આવી હતી. શરૂઆતમાં વિશ્વાસ વધારવા માટે રૂ. 21 હજાર રોકાણ કરાવ્યા બાદ વેબસાઈટ પર રકમ નફા સાથે દર્શાવવામાં આવી હતી તેમજ બે વખત નાની રકમ ઉપાડવાની સુવિધા આપી હતી.

આ રીતે વિશ્વાસમાં લઈ આરોપીઓએ વિવિધ બેન્ક એકાઉન્ટમાં કુલ રૂ. 19.86 લાખ ટ્રાન્સફર કરાવ્યા, જ્યારે વેબસાઈટ પર રોકાણની રકમ નફા સાથે રૂ. 29.21 લાખ દર્શાવવામાં આવી હતી. જોકે, પીડિતને માત્ર રૂ. 14 હજાર જ ઉપાડી આપવામાં આવ્યા હતા અને બાકી રૂ. 19.71 લાખ પરત ન આપતા ઠગાઈનો ભાંડો ફૂટ્યો હતો.

ફરિયાદના આધારે સાઈબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી ભેજાબાજોને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

## જરોદના દેરાસરમાંથી ભગવાનના મુગટ અને દાનપેટીની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા.11

દિનેશ વિનોદચંદ્ર ભાવસાર દ્વારા સંચાલિત આ જૈન દેરાસરમાં ત્રણ કે તેથી વધુ બુકાનીધારી તસ્કરો મોડી રાત્રે ઘુસ્યા હતા. તસ્કરોએ દેરાસરમાંથી બે પંચધાતુના મુગટ (કિંમત રૂ. 50 હજાર), દાનપેટી તોડી તેમાં રહેલા રૂ. 35 હજાર, તેમજ પંચધાતુના પાંચ સિદ્ધચક્રના ગટ્ટા (કિંમત રૂ. 5 હજાર) સહિત કુલ રૂ. 1.30 લાખની ચોરી કરી હતી. ચોરીની ઘટના અંગે દિનેશભાઈ ભાવસારે જરોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ઘટનાની જાણ થતા જરોદ પોલીસ તેમજ ગ્રામ્ય એલસીબીની ટીમો દેરાસરમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે બુકાનીધારી તસ્કરોને ઓળખી ઝડપી પાડવા માટે તપાસમાં ઝંપલાવી છે. વડોદરા શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ચોરીના વધતા બનાવો વચ્ચે ધાર્મિક સ્થળોને પણ તસ્કરો દ્વારા નિશાન બનાવાતા હોવાને કારણે લોકોમાં ચિંતા વ્યાપી છે.

### વડોદરામાં વસતિ ગણતરીનું ડિજિટલ શંખનાદ

# માહિતી છુપાવી તો 1000 દંડ અને અવરોધ કરનારને 3 વર્ષની જેલ

હવે દરેક ઘર બનશે 'ડિજિ ડોટ', કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લાનું વહીવટી તંત્ર સજ્જ, પેપરલેસ ગણતરીથી ભ્રષ્ટાચાર અને ડુપ્લિકેશન પર લાગશે બ્રેક

**પ્રથમ તબક્કો :** 20 એપ્રિલથી પ્રારંભ, 20 મે સુધી ચાલશે

**બીજો** અને મુખ્ય તબક્કો ફેબ્રુઆરી 2027 માં શરૂ કરાશે

**33 પ્રશ્નોના** આધારે ઘરને લગતી મૂળભૂત માહિતી એકત્રિત કરશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.11

કેન્દ્ર સરકાર દ્વારા આગામી વસતિ ગણતરીને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ વખતે વડોદરા શહેર અને જિલ્લામાં દરેક ઘરને 'ડિજિ ડોટ' તરીકે ઓળખવામાં આવશે. જીઓ-ટેગિંગ અને ડિજિટલ મેપિંગના માધ્યમથી વહીવટી પારદર્શિતા અને નાગરિક સુવિધાઓમાં ક્રાંતિકારી ફેરફાર લાવવાનું આયોજન છે. જોકે, આ પ્રક્રિયામાં અવરોધ ઊભો કરનાર કે ખોટી માહિતી આપનાર સામે કડક કાયદાકીય જોગવાઈઓ પણ અમલી બનાવવામાં આવી છે. સરકારી ગેઝેટમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ, વસતિ ગણતરીની કામગીરીમાં અવરોધ પેદા કરનાર વ્યક્તિને ત્રણ વર્ષ સુધીની કેદની સજા થઈ શકે છે. આ ઉપરાંત, જો કોઈ નાગરિક માહિતી આપવામાં આનાકાની કરશે અથવા ખોટી વિગતો આપશે, તો તેને રૂપિયા 1000 સુધીનો દંડ ફટકારવાની સત્તા વહીવટી તંત્રને આપવામાં આવી છે. વડોદરા જિલ્લામાં વસતિ ગણતરી માટે સ્પષ્ટ જવાબદારીઓ સોંપી દેવામાં આવી છે. જિલ્લા કલેક્ટર 'પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર' તરીકે ફરજ બજાવશે, જ્યારે નિવાસી અધિક કલેક્ટર 'જિલ્લા વસતિ અધિકારી' તરીકે કાર્યરત રહેશે. તાલુકા સ્તરે મામલતદાર અને સબ-ડિવિઝનલ સ્તરે નાયબ કલેક્ટરને જવાબદારી સોંપાઈ છે. હાઉસ લિસ્ટિંગ પૂર્ણ થયા બાદ 30 દિવસની અંદર તમામ માહિતીનું સુપરવાઈઝર દ્વારા વેરિફિકેશન કરવામાં આવશે. આ વખતની સૌથી મોટી વિશેષતા એ છે કે સમગ્ર પ્રક્રિયામાં કાગળનો ઉપયોગ કરવામાં આવશે નહીં. તમામ ડેટા ઓનલાઈન એપ્લિકેશન દ્વારા એકત્રિત કરવામાં આવશે અને દરરોજ સાંજે ડેટા સેન્ટરમાં સિંક કરવામાં આવશે, જેનાથી ડેટા સુરક્ષા અને પારદર્શિતા જળવાઈ રહેશે. દર 700 થી 800 વસતિદીઠ એક ગણતરીકારની નિમણૂક કરાશે.

વસતિગણતરીની તૈયારીઓ ડિસેમ્બર 2025 થી જ શરૂ કરી દેવામાં આવી હતી. ભારત સરકારે તમામ ઘરો માટે જાહેરનામું બહાર પાડ્યું હતું અને તેના ભાગરૂપે નેશનલ માસ્ટર્સને તાલીમ માટે દિલ્હી મોકલવામાં આવ્યા હતા. તેઓ પાછા આવીને રાજ્યસ્તરના માસ્ટર્સને તાલીમ આપી રહ્યા છે અને ત્યારબાદ જિલ્લા, તાલુકા કક્ષાના અધિકારીઓ તેમજ શિક્ષકોને તાલીમ આપવામાં આવશે. ગેઝેટમાં કરાયેલી જોગવાઈ મુજબ દર 700 થી 800 વસતિદીઠ એક ગણતરીકારની નિમણૂક કરવામાં આવશે, જેમાં મોટા ભાગે શિક્ષકોની મહત્વની ભૂમિકા રહેશે.

### 'ડિજિ ડોટ' ના 5 મુખ્ય ફાયદા

1) **આપત્તિમાં રાહત :** પૂર કે ભૂકંપ જેવી હોનારત સમયે કયા ઘરમાં કેટલા લોકો છે તેની ચોક્કસ માહિતીથી બચાવ કામગીરી ઝડપી બનશે.
2) **સીમાંકનમાં ચોકસાઈ :-** રાજકીય અને વહીવટી સીમાઓનું નિર્ધારણ ભૌગોલિક રીતે સંતુલિત અને તર્કસંગત બનશે.
3) **શહેરી આયોજન :-** શાળાઓ, હોસ્પિટલો અને બગીચાઓ કયા વિસ્તારમાં કેટલા જરૂરી છે તેનું ડેટા આધારિત આયોજન થશે.
4) **સ્થળાંતરનો ડેટા :-** શહેરીકરણનો દર અને લોકોના સ્થળાંતરની સચોટ તુલના કરી શકાશે.
5) **મતદાર યાદી શુદ્ધિકરણ :-** આધાર અને જીઓ-ટેગિંગથી ડુપ્લિકેટ નામો દૂર થશે અને સરનામાંની સચોટતા વધશે.

### વહીવટી માળખું

1) **પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર :-** જિલ્લા કલેક્ટર
2) **જિલ્લા વસતિ અધિકારી :-** નિવાસી અધિક કલેક્ટર
3) **ચાર્જ સેન્સસ ઓફિસર :-** મામલતદાર (તાલુકા સ્તરે)
4) **સબ-ડિવિઝનલ સેન્સસ ઓફિસર :-** નાયબ કલેક્ટર

### નાગરિકો માટે સૂચના

વસતિ ગણતરી એ રાષ્ટ્રના વિકાસ માટેનો પાયો છે. વડોદરાના તમામ નાગરિકોને અપીલ છે કે તેઓ ગણતરી માટે આવનાર કર્મચારીઓને સચોટ માહિતી આપે. યાદ રાખો, ખોટી માહિતી કે અસહકાર તમને કાયદાકીય મુશ્કેલીમાં મૂકી શકે છે.

### ઉગ્ર બોલાચાલી બાદ લોકોએ એકબીજા પર લાકડીઓથી હુમલો કરતા તંગદિલી

# તરસાલીમાં નજીવી તકરારમાં બે કોમ વચ્ચે હિંસક અથડામણ, 6ની ધરપકડ

**ઉચ્ચ** અધિકારીઓ સહિતના કાફલો વિસ્તારમાં તૈનાત કરી દેવાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરાના તરસાલી વિસ્તારમાં શાકમાર્કેટની સામે આવેલા દીવાળીપુરા સ્લમ કવાટર્સમાં એક છોકરાને ઝડપથી સાઈકલ લઈને જતો હોય ઠપકો આપ્યો હતો. ત્યારે આ વાત લઈને એક જ શેરીમા રહેતા હિન્દુ મુસ્લિમ કોમના લોકો સામસામે આવી ગયા હતા જેના ઉગ્ર બોલાચાલી થતા મામલો વધુ બિચક્યો હતો અને બંને કોમના લોકો લાકડીઓથી એકબીજા પર હુમલો કરતા જુથ અથડામણ થઈહતી. જેમાં જેના કારણે મામલો વધુ વણસે તે પૂર્વે પોલીસ કાફલો ઘટના સ્થળ પર પહોંચી ગયો હતો અને મામલો થાડે પાડી દીધો હતો. જેમાં બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવતા પોલીસે 7 હુમલાખોર સામે ગુનો નોંધી ચાર લોકોની ધરપકડ કરી છે.

શહેરના વિવિધ તરસાલી વિસ્તારમાં આવેલા દિવાળીપુરા સ્લમ ક્વાટર્સમાં મંગળવારે રાત્રીના સમયે બાળક ઝડપથી સાયકલ ચલાવતા હતો. જેથી તેને વિસ્તારમાં રહેતા લોકોએ ઠપકો આપ્યો હતો. જેના કારણે હિન્દુ અને મુસ્લિમ કોમના લોકો સામસામે આવી ગયાં હતા અને ઝઘડો કરવા લાગ્યા હતા. દરમિયાન મામલો વધુ ઉગ્ર બની જતા જોતજોતાંમાં બને જૂથનાં લોકો લાકડીઓ લઈને એકબીજા હુમલો કરવા લાગ્યા હતા. જેના કારણે સમગ્ર વિસ્તારમાં નાસભાગ મચી જવા સાથે તંગદિલી ભર્યો માહોલ સર્જાયો ગયો હતો. ઘટના અંગે જાણ થતાં અધિકારીઓ સહિતનો કાફલો મકરપુરા પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી હતી અને ગણતરીના સમયમાં અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને પોલીસ દ્વારા સ્થિતિ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. લાકડીઓ હુમલો કરવાના કારણે કેટલાક લોકોને ઈજાઓ પહોંચી હતી. મકરપુરા પોલીસે બંને પક્ષના 7 લોકો સામે ગુનો દાખલ કરીને 6ની ધરપકડ કરી છે.

### ઝડપાયેલા આરોપી

અનવર ઉર્ફે અન્નુ જાકીર દિવાન
જુનેદ કાઠીયાવાડી સુલેમાન પઠાણ
ધવલભાઇ રવિભાઇ પરમાર
ધ્રુવ ઉર્ફે ભચલુ રવિભાઇ પરમાર
ભુપેન્દ્ર ઉર્ફે પપ્પુ રતનસિંહ રાજપુત
ગૌરાંગભાઇ શાંતિલાલ પરમાર

### SSGમાં ભ્રષ્ટાચાર પર રંગરોગાનનો ઢોળ

# NABHની ટીમ આવવાની હોવાથી તૂટેલા સાધનોનો મેકઅપ કરાયો

**વર્ષોથી** ભંગાર હાલતમાં પડેલા સ્ટ્રેચર-વ્હીલચેર રાતોરાત ચકચકાટ



(પ્રતિનિધિ) વડોદરા. તા.11

મધ્ય ગુજરાતની સૌથી મોટી ગણાતી વડોદરાની સયાજી હોસ્પિટલ ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી છે. આગામી દિવસોમાં નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ (NABH) ની ટીમ ત્રણ દિવસના નિરીક્ષણ માટે આવવાની હોવાથી હોસ્પિટલ તંત્ર દ્વારા પૂરજોશમાં સાફ-સફાઈ અને રંગરોગાનની કામગીરી શરૂ કરવામાં આવી છે. જોકે, આ કામગીરીને સામાજિક કાર્યકર્તાઓએ માત્ર 'દેખાડો' અને 'મેકઅપ' ગણાવી ગંભીર આક્ષેપો કર્યા છે. સામાજિક કાર્યકર્તા કમલેશ પરમારે હોસ્પિટલની મુલાકાત લીધા બાદ જણાવ્યું હતું કે, અત્યાર સુધી દર્દીઓ માટે જે તૂટેલા-ફૂટેલા સ્ટ્રેચર અને વ્હીલચેર વપરાતા હતા, તેને હવે ટીમ સમક્ષ સારા બતાવવા માટે રાતોરાત રિપેરિંગ અને કલરકામ કરવામાં આવી રહ્યું છે. વર્ષોથી જે સાધનો ભંગાર હાલતમાં હતા, તેને માત્ર નિરીક્ષણ દરમિયાન વ્યવસ્થિત બતાવવા માટે આ 'ષડયંત્ર' રચાયું હોવાનું તેમણે ઉમેર્યું હતું. નિરીક્ષણ દરમિયાન એવું પણ જોવા મળ્યું હતું કે ફાયર સેફ્ટી માટે રાખવામાં આવેલા કેટલાક ગેસ સિલિન્ડર અને બોટલોની એક્સપાયરી ડેટ પૂરી થઈ ગઈ છે. જ્યારે કોઈ મંત્રી કે ટીમ આવવાની હોય ત્યારે જ મોકડ્રીલ કરીને બધું સલામત હોવાનો દાવો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં સાધનોની અછત વર્તાઈ રહી છે.

### શિવજી કી સવારી અને બજેટની તૈયારીઓ તેજ

# ટેન્ડર વગર સીધી ખરીદી કરવા સ્થાયીમાં કમિશનરને લીલી ઝંડી

**વિવિધ** ઝોનમાં માળખાગત સુવિધાઓ માટે ખર્ચની મર્યાદા વધશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.11

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક 13 ફેબ્રુઆરીએ યોજાશે. આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસને લગતા કુલ 23 જેટલા કામો મંજૂરી અર્થે રજૂ કરવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાણી, ડ્રેનેજ અને આગામી ઉત્સવોની તૈયારીઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. પાલિકા દ્વારા અમૃત 2.0 યોજનાના કામો માટે નાણાકીય ભંડોળ એકત્ર કરવા રૂ. 200 કરોડના 'બ્લુ મ્યુનિસિપલ બોન્ડ'નો પબ્લિક ઈશ્યુ બહાર પાડવાની મહત્વકાંક્ષી દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ પ્રક્રિયા માટે જરૂરી એજન્સીઓની નિમણૂક અને તમામ વહીવટી સત્તા કમિશનરને સોંપવાની ભલામણ કરાઈ છે. બીજી તરફ, 15 ફેબ્રુઆરીએ યોજાનાર મહાશિવરાત્રી પર્વ અને 'શિવજી કી સવારી' માટે જરૂરી વ્યવસ્થાઓ અને ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયામાંથી મુક્તિ આપી કમિશનરને સત્તા આપવાની દરખાસ્ત પણ એજન્ડા પર છે. શહેરી સુવિધાઓની વાત કરીએ તો, ડ્રેનેજ સફાઈ માટે 8 સુપર સકર મશીનોના સંચાલન માટે રૂ. 3.37 કરોડનો ઈજારો આપવાની તેમજ વિવિધ ઝોનમાં રસ્તા અને ફૂટપાથના કામોની નાણાકીય મર્યાદામાં કરોડો રૂપિયાનો વધારો કરવાની દરખાસ્તો રજૂ થઈ છે. આ ઉપરાંત, અતિથિગૃહોમાં હાઉસકીપિંગના કામમાં છેતરપિંડી કરનાર ઈજારદાર ગ્લોબલ એન્ટરપ્રાઈઝને બ્લેક લિસ્ટ કરી તેની ડિપોઝિટ જપ્ત કરવાની કડક કાર્યવાહી પણ હાથ ધરાશે. વર્ષ 2026-27નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવાની પરંપરા મુજબ, આ વર્ષે પણ સભાસદો અને અધિકારીઓને જાણીતી કંપનીની પેન, બેગ, બ્રીફકેસ અને ફોલ્ડર્સ આપવા માટે ખાસ મંજૂરી માંગવામાં આવી છે.

## બપોરે આકરો તડકો ગરમીનો પારો 31.4 ડીગ્રી પર સ્થિર

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરામાં બુધવારે મહત્તમ તાપમાન 31.4 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 15.6 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 74 ટકા અને સાંજે 38 ટકા નોંધાયું હતું. આગામી એક અઠવાડિયા દરમિયાન તાપમાનમાં મોટો બદલાવ થવાની સંભાવના નથી હવામાન શુષ્ક રહેશે. વડોદરા સહિત રાજ્યમાં ક્યારેક ઠંડી તો બપોરે ગરમી અનુભવાય રહી છે. જેના કારણે લોકોના સ્વાસ્થ્યમાં પણ ફેરફાર જોવા મળ્યો છે. હાલ શિયાળો વિદાય લેવાની તૈયારીમાં હોય તેમ વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. શહેરમા અત્યારે ડબલ સીઝન એટલે કે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને રાત્રે ઠંડી અનુભવાય છે. જ્યારે બપોરે આકરો તડકો ઉનાળાની શરૂઆતનો અહેસાસ કરાવી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક સપ્તાહ સુધી રાજ્યમાં આવું જ મિશ્ર વાતાવરણ યથાવત રહેશે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ પર ટ્રકમાં લઈ જવાતા 32 પશુઓને બચાવી લેવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.11

દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે પરથી ફરીવાર ગેરકાયદે પશુઓની હેરફેરી ઝડપાઈ છે. ડીસાથી 32 જેટલા પશુઓ ભરીને સુરતના કતલખાને જતા ટ્રકને પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થાના કાર્યકરોએ ઝડપી પાડ્યો હતો. કતલના ઈરાદે લઈ જતા તમામ પશુઓને બચાવીને પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા છે. તાલુકા પોલીસે પશુઓની હેરાફેરી કરનાર રીટા આરોપી ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



દરમીયાન ડીસાથી ટ્રકમાં પશુઓ ભરીને સુરત લઇ જવામાં આવી રહ્યા છે, તેવી બાતમી પ્રાણી ફાઉન્ડેશનના કાર્યકરોને મળી હતી. જેના આધારે કાર્યકરોએ એક્સપ્રેસ હાઈવે પર વોચ ગોઠવી હતી. દરમિયાન પશુઓ ભરેલા ટ્રક હાઈવે પરથી પસાર થયો હતો. જેથી સંસ્થાના કાર્યકારીએ ટ્રકનો પીછો કરીને ઝડપી પાડ્યો હતો. જેથી ટ્રકમાં તપાસ કરી ત્યારે 32 જેટલા પશુઓ ખીચોખીચ ભરેલા હતા. તાલુકા પોલીસને જાણ કરતા પોલીસ પણ તુરંત સ્થળ પર દોડી આવી હતી.

32 પશુઓના જીવ બચાવી પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. સંસ્થાના કાર્યકરો દ્વારા પશુ ભરેલા ટ્રક સહિતનો મુદ્દામાલ તાલુકો પોલીસને સોંપવામાં આવ્યો છે. પ્રાણી ફાઉન્ડેશનના નેહા પટેલે જણાવ્યું હતું કે વારંવાર ગેરકાયદે પશુઓની હેરાફેરી કરવાના ગુનામાં ઝડપાયેલો રીઢો આરોપી જમાલ ડીસાથી પોતાના ટ્રકમાં 32 જેટલા પશુઓ ખીચો ખીચ રીતે ભરીને સુરતના કતલખાને લઈ જતો હતો. રાજસ્થાન સહિતના અલગ અલગ પશુ માર્કેટમાંથી પશુઓને કતલખાને લઈ જવામાં લઈ જવાના આવે છે. વારંવાર આરોપી જમાલ ગાડી સાથે પકડાય છે પરંતુ ગાડી છોડી દેવામાં આવતી હોવાના કારણે આરોપી ફરી પશુ તસ્કરી કરતા હોય છે. જેથી ગેરકાયદે પશુઓની હેરફેરી કરનારના વાહનો ન છોડવામાં આવે તો પશુઓની હેરફેરીનો વેપલો અંકુશમાં આવે તેમ છે.

# સયાજીગંજ વિસ્તારમાં ધ્વની પ્રદષણ ફેલાવતા ડીજી સંચાલકની અટકાયત

**પોલીસે** આઇસર તથા લાઉડ સ્પીકરો મળી રૂ. 2.50 લાખનો મુદ્દામાલ કબજે કર્યો



(પ્રતિનિધિ) વડોદારા તા.11

સયાજીગંજ વિસ્તારમાં ડીજેના લાઉડ સ્પીકરો વગાડી ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા ડી.જે.ના સંચાલકની વિરુદ્ધમા ગુનો નોંધી તેની અટકાયત કરીને આગળની કાર્યવાહી સયાજીગંજ પોલીસે હાથ ધરીછે.

સયાજીગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જાહેરમાં ડી.જે.વગાડી ધ્વની પ્રદુષણ ફેલાવનાર તેમજ રાત્રીના મોડે સુધી માઇક અને ડીજે વગાડવા ઉપર પ્રતિબંધ હોય જેમાં સુપ્રીમ કોર્ટના આદેશ તથા પોલીસ કમિશ્નરના વડોદરાનું જાહેરનામુ બહાર પાડ્યુ હતું. ત્યારે આ ડીજે સંચાલકે હુકમનું પાલન નહી કરનારની વિરૂધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવા આપી હતી. ત્યારે તેમની સુચના આધારે પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન રાજીવ આવાસ યોજના કલ્યાણનગર ખાતે જાહેર રોડ ઉપર મોડી રાત્રીના સમયે એક ડી.જે ખુબજ ઉંચા અવાજે વાગતુ હોય જેથી ડી.જે ના ઓપરેટરને પકડી તેના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આઈસર ટેમ્પો રૂ. 2 લાખ તથા સાઉન્ડ સીસ્ટમ તથા મીકક્ષર જેની કિંમત રૂ. 50 હજાર મળી રૂ. 2.50 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.